# યુસફની માફક આપણે પણ આપણે પણ પ્રભુ આપણને જે જવાબદારી સોપે છે તેના કારભારી (મેનેજર) છીએ

*(બાળકો શિખવનારે અભ્યાસ S3a વાંચી જવો)*

**પ્રાર્થના :** દેવ પિતા, સર્વસ્વ તમારું છે અને અમે જે પામીએ છીએ તે તમારી તરફથી જ છે અમારી પાસે જે છે તે સર્વની અમે કાળજી લઈ શકીએ માટે અમને આપો જેથી અમારા સર્વસ્વ દ્વારા અમે તમને માન અને મહિમા આપીએ. આમેન.

**૧. પ્રાર્થના અને દેવના વચન દ્વારા તમને તૈયાર કરો.**

પૃથ્વીની શરુઆતથી અત્યાર સુધી દેવે જે ઉત્પન્ન કર્યુ છે તે બાબતોનો વહીવટ તે માણસોને સોપે છે.

**ઉત. ૧:૨૬-૨૮ માં જૂઓ** કે માણસોએ પૃથ્વી ઉપર અધિકાર ચલાવવાનો છે. શાસ્ત્રપાઠ ધ્યાનથી વાંચો જેથી નીચેના પ્રશ્નોના જવાબ આપી શકો.



અ) પોતાની જમીનની વ્યવસ્થા કરવા માટે લોકોને કોના તરફથી અધિકાર મળ્યો છે ?

બ) પોતાના પશુઓને પાળવા માટે લોકોને કોના તરફથી અધિકાર મળ્યો છે ?

ક) જમીન કે પશુઓ બાબતનો હિસાબ માણસો કોને આપશે ?

(જવાબો - (અ) દેવ તરફથી (બ) દેવ તરફથી (ક) દેવને)

**ઉત. ૩૯: ૨-૫ શાસ્ત્રપાઠ વાંચીએ** યુસફ મીસરીઓની મિલકતોનો કારભારી કેવી રીતે બન્યો તે જાણો



અ) આપણે જયારે બીજાઓ માટે વ્યવસ્થા કરીએ તો લોકો આપણે માટે કેવુ વિચારશે ?

(જવાબો - (અ) તેઓને આશિર્વાદ આપે કે તેઓ સમજપૂર્વક પોતાની મિલકત વાપરે (બ) તેઓ આપણા પર ભરોસો રાખશે.

**લુક ૧૨ : ૪૨-૪૮ માં જૂઓ** ઈસુએ આપણી ભૌતિક વસ્તુઓનો વહીવટ કઈ રીતે કરવો તે જણાવ્યુ છે.

- પ્રભુ ઈસુ જયારે આવશે ત્યારે સારો વહીવટકરનારાઓને કેવો બદલો આપશે ?(જવાબ ક.૪૨-૪૪)
- જેઓ પોતાની વસ્તુઓ બાબતે અવિશ્વાસુ છે તેમને પ્રભુ શું કરશે ? (જવાબ ક. ૪૫-૪૭)
- જેઓ પાસે ઘણું છે તેઓ પાસે ઈસુની શી અપેક્ષા છે ? (જ.ક.૪૮)

**૧ કોરીંથ ૪ :૧-૪ જૂઓ** સત્યના વહીવટકર્તા બાબતે દેવ શું કહે છે

- આપણા કારભારીઓ માટે દેવની દ્રષ્ટિએ શું જરુરી છે ?
- (જ. આપણે વિશ્વાસુ થવું જાઈએ )
- જેઓ કારભાર કરે છે તેમની પારખ કોણ કરે છે ?
- (જ. લોકો,કોર્ટ અને પ્રભુ પોતે)

**૧ થેસ્સા ૪ :૧-૮ વાંચો** આપણા શરીરોની જાળવણી આપણે કઈ રીતે કરવી જોઈએ ?

- આપણા શરીર ઉપર કોને અધિકાર છે ?(જ. ક.૧અને૨)
- આપણા જીવનમાં આપણા શરીરનો આપણે કેવો ઉપયોગ કરવો જાઈએ ? (જ. ક ૩-૫)
- જો આપણે આપણા શરીરનો ઉપયોગ બીજાને છેતરવા માટે કરીએ તો પ્રભુ શું કરશે ? (જ.ક.૬)
- આપણા શરીરનો સદુઉપયોગ માટે દેવ આપણને શું આપીને શકિતમાન કરે છે ? (જ.ક.૭,૮)

**૧પીતર ૪:૧૦-૧૧ વાંચો** આત્મિક દાનનો વહીવટ માટે છે.

- આપણામાંના કોણે દેવ પાસેથી આત્મિક દાન મેળવ્યુ છે ? (જ.દરેક)
- આત્મિક દાનો કયા બે ઉપયોગને માટે છે ? (જ.દેવ વિષે બોલવા, દેવની સેવા કરવા)
- આપણા આત્મિક દાનો વાપરવાની શકિત આપણને કોના તરફથી મળે છે ?(દેવ તરફથી)
- આપણે આત્મિક દાનનો ઉપયોગ કરીએ ત્યારે કોને મહિમા મળે છે.(પ્રભુ ઈસુને )

**૨. તમારા સાથીદારો સાથે અઠવાડીયા દરમ્યાનની પ્રવૃતિનું આયોજન કરો.**

તમે અને તેઓ નીચેની બાબતોમાં કેવો સારો વહીવટ કરે છે તેની ચર્ચા કરો.

૧)તમારી વસ્તુઓ બાબતે (૨)બીજાની વસ્તુઓ બાબતે (૩) દેવના સત્ય બાબતે (૪) તમારા શરીરો બાબતે (૫) તમારા આત્મિક દાનો

બાબતે દરેક જણને કહેવા કે બાબતોનો તેઓ વધારે સારો વહિવટ કેવી રીતે કરી શકે

આ બધી બાબતોમાં તમે વધારે વિશ્વાસુ થઈ શકો માટે ભેગા મળીને પ્રભુને પ્રાર્થના કરો

જેઓ વધારે સારા કારભારી થવા માગે છે તેવા વિશ્વાસીઓની મુલાકાત લઈને પ્રોત્સાહન આપો

- ઉપર દર્શાવેલ બાઈબલની કલમોમાંથી વાચો
- વિશ્વાસીઓ સાથે વધારે વિશ્વાસ તેઓ બની શકે તે બાબતે પ્રાર્થના કરો

**૩. હવે પછીની ભજનસેવા માટે તમારા સાથીદારો સાથે આયોજન કરો.**

ઉપરની કલમો મુજબના બાઈબલ ભાગોનો ઉપયોગ કરીને કારભારીપણા વિષે સમજાવો

કારભારીપણા વિષેના આ મુદાઓ **સમજાવો**

- દેવ દરેક સારી બાબતોનો ઉત્પન્ન કર્તા અને માલિક છે
- દરેક વ્યકિતને દેવ ઘણી બાબતોની જવાબદારી સોપે છે (જેમકે જીવન, શરીર, જમીન, પશુઓ, મિલકત, નોકરી, જીવનસાથી, બાળકો, જ્ઞાન, નાણા, બાઈબલ,આત્મિક દાનો વિ.)
- દેવે જે પ્રતિજ્ઞાઓ આપી છે તે બાબતે તે સંપૂર્ણ વિશ્વાસુ છે
- દેવ જે જવાબદારી આપણને સોંપે છ તે બાબતે આપણે વિશ્વાસુ રહીએ તેવું તે ચાહે છે.
- દેવ આ બાબતે દરેકનો ન્યાય કરશે.
- જે વિશ્વાસીઓ પોતાના શરીર મારફતે બીજા સાથે છેતરપિંડી કરે છે તે દરેકને દેવ શિક્ષા કરશે

- પોતાની પાસે જે છે તે બાબતે જેઓ વિશ્વાસુ છે તેમને દેવ ઈનામ આપશે .

દેવ કઈ રીતે તમને વધારે સારા કારભારી બનવા માટે સહાય કરતો રહ્યો છે તે **કહી બતાવો**

આ બાબતના સારા અનુભવો કહેવા માટે વિશ્વાસીઓને **આમંત્રણ આપો** તેઓ શું કહે છે તે પહેલા સાંભળો અને જો નીચે જણાવેલ બાબતોનો તેઓ ઉલ્લેખ કરે તો તમે કહી બતાવો

**તેના કારભારી તરીકે દેવે આપણને જે બાબતો સોપી છે તે**

આપણા **શરીરો** આપણે તેનું પોષણ અને રક્ષણ કરવું જોઈએ અને તેને પવિત્ર રાખવું જોઈએ

આપણી **જમીન** તેનો ઉપયોગ અને રક્ષણ કરવુ જોઈએ તે પડતર રહેવી ના જોઈએ

આપણા **પશુઓ** જેના વડે આપણે જીવીએ છીએ તેની સાથે માનવતાપૂર્ણ વ્યવહાર કરવો જોઈએ

આપણા **પૈસા** આપણી અને બીજાની જરુરિયાતો માટે મદદરુપ થઈને વાપરવા જોઈએ

આપણા **બાળકો** જેમને આપણે ઉછેરીએ છીએ તેમની કાળજી લેવી જોઈએ અને ખ્રિસ્તમાં લાવવા જોઈએ.

આપણા **માતાપિતા**નુ આપણે સન્માન કરીને તેમની સંભાળ લેવી જોઈએ

આપણુ **ઘર** અને **મિલકત** જરુરિયાત મુજબ પ્રભુને માટે વાપરવુ જોઈએ

આપણા **આત્મિકત દાનો** મારફતે આપણે એકબીજાની સેવા કરવી જોઈએ

આપણું **જ્ઞાન** જેમને જરુરી છે તેવા ઓને આપવુ જોઈએ

ખ્રિસ્તમાં **આપણો વિશ્વાસ** આપણે રોજ રોજ અમલમાં મૂકવો જોઈએ

આ સિવાય બીજી વસ્તુઓ બાબતે શું કહી શકાય ?

**બાળકોએ તૈયાર કરેલ** નાટક અને પ્રશ્નો તેમને રજુ કરવા દો. પ્રભુની મેજની સેવા માટે ૨ કાળ.૩૫:૧૫-૧૯ વાચો સારા રાજા યોશિયાહે પ્રભુના લોકોની સાથે થઈને દેવનુ પાસ્ખા પર્વ પાળ્યુ આ પર્વ લાબા સમયથી રાજાઓ દ્વારા તરછોડી દેવાયું હતું પ્રભુ ભોજન એ ખ્રિસ્તી પાસ્ખા પર્વ છે

૧ કોરીથ ૧૪:૨ એકસાથે મુખપાઠ કરો દરેક કારભારીએ વિશ્વાસુ થવું જરુરી છે

વિશ્વાસીઓ અને મુલાકાતીઓ ને બે કે ત્રણના નાના જૂથમાં વહેચી દો તેઓ પોતાની જરુરિયાતો જણાવે તેઓ વધારે સારા કારભારી બનવા માટેનો પોતાનો હેતુ જાહેર કરે અને એકબીજા માટે પ્રાર્થના કરે.

Copyright 2004 © by Paul -Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net